શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા તેમજ પ્રોફેશનલ ફોટોગ્રાફર ગ્રુપ દ્વારા

# બર્ડ ફીડરનું વિનામૂલ્યે વિતરણ







ગાંધીનગર, તા. ૩

શ્રી જલીયાણ સેવા ગ્રુપ તેમજ પ્રોફેશનલ ફોટોગ્રાફર ગ્રુપ, ગાંધીનગર દ્વારા સેવાયજ્ઞના ઉમદા હેતુથી અબોલ પક્ષીઓને ચણ નાખવા માટે જીવદયાપ્રેમીઓને ગુરૂવારના રોજ શ્રી જલારામ મંદિર,ગાંધીનગરના પરિસરમાં ૩૫૦ નંગ Bird Feeder/ પક્ષી ચબૂતરાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં શ્રી જલીયાણ સેવા ગ્રુપ તેમજ પ્રોફેશનલ ફોટોગ્રાફર ગ્રુપ, ગાંધીનગર અને શ્રી જલારામ સેવા સમાજના પદાધિકારીઓ, સદસ્યો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે યોજાયો

# ઍડમિનિસ્ટ્રેશન સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ





કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે એક દિવસીય એડમીનીસ્ટ્રેશન સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેતન વ્યાસ, ડૉ. તરૂણ પેઠાની, હર્ષદ માંકડ અને રક્ષિત વસાવડા કે જેઓ લાંબા સમયનો વહીવટી અનુભવ ધરાવે છે, તેમણે નિષ્ણાત તરીકે પોતાની સેવાઓ આપી હતી.

આ કાર્યક્રમ એસકે બિલ્ડીંગના તમામ વહીવટી કર્મચારીઓ માટે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન માહેશ્વરી પટેલ દ્વારા અને આભારવિધિ નિલેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરની શાળાઓનાં પરિણામ

## પ્રેરણા વિદ્યાલય

**જુનિયર કેજી**

૧ આરવ શિલ્પેશકુમાર પરમાર
૨ માહી મુકેશભાઈ રાવલ
૩ લોક્ષીતા ભાવિકકુમાર જધ્વાણી

**સિનિયર કેજી**

૧ અક્ષય રણજીતકુમાર સાદરિયા
૨ રાજવી જયેશભાઈ ડોડીયા
૨ નેન્સી રાહુલભાઈ ચૌહાણ
૩ માર્ગી અનુપમભાઈ સડાત

**ધોરણ-૧**

૧ હિતાંશી શૈલેષભાઈ પ્રજાપતિ
૨ ચિંતનસિંહ વિક્રમસિંહ ગોહિલ
૩ એજલબેન રણજીતભાઈ ધ્રાધેશા

**ધોરણ-૨**

૧ તક્ષ્ય અંકિતકુમાર જોષી
૨ ઉર્વિ વાલસિંગભાઈ ડિંડોર
૨ અર્ષશા યાસીનશા ફકીર
૩ ધૃવી નિતીનકુમાર મિસ્ત્રી

**ધોરણ-૩**

૧ કૃપા વામનભાઈ રાવલ
૨ શ્રેયા પ્રવીણભાઈ રાવળ
૩ શીતલ સતીષજી સોલંકી

**ધોરણ-૪**

૧ હર્ષદકુમાર સુરેશભાઈ દંતાણી
૨ માહિ પ્રતાપભાઈ વાઘેલા
૩ રિદ્ધિબેન વિનોદભાઈ વાઘેલા

**ધોરણ-૫**

૧ ધૃવ રાકેશકુમાર પટેલ
૨ જન્મેષ ભાવેશભાઈ પરમાર
૩ તસ્વીર શિલ્પેશકુમાર પરમાર

**ધોરણ-૬**

૧ રૂદ્રેશ હિતેશકુમાર દેસાઈ
૨ એશા કિર્તીકુમાર રાવલ
૩ વિશાખા જયંતીભાઈ સોલંકી

**ધોરણ-૭**

૧ સંજના ઘનશ્યામભાઈ પરમાર
૨ ખુશી વામનકુમાર રાવલ
૩ દેવરાજ શિરીષકુમાર ડામોર

**ધોરણ-૮**

૧ રેણુકા ઘનશ્યામભાઈ ઠાકોર
૨ પાયલબા લાલસિંહ રાજપૂત
૩ ભાવિન લાલુભાઈ મુનિયા

**ધોરણ-૯**

૧ દિયા મહેન્દ્રભાઈ સોનારા
૨ કિશોરકુમાર જયેશભાઈ પ્રજાપતિ
૩ સુહાની પિનાકીનભાઈ સોલંકી

**ધોરણ-૧૧ કોમર્સ**

૧ બંસરી અરવિંદભાઈ જાદવ
૨ ધૃતિ કીર્તિભાઈ રાવલ
૩ જલ્પા દિલીપસિંહ ઝાલા

**ધોરણ-૧૧ આર્ટ્સ**

૧ ભગવતી વિજયભાઈ ઠાકોર
૨ પ્રદિપ કનૈયાલાલ કોરી
૩ સૃષ્ટિ મુકેશભાઈ દૂધરેજીયા

## શેઠ સી એમ હાઇસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ

**ધોરણ-૯ એ**

૧ વૈભવ મનોજભાઈ ચૌહાણ
૨ શુભ ગોવિંદભાઈ પટેલ
૩ ઉર્વિન રાકેશભાઈ બારોટ

**ધોરણ-૯ બી**

૧ ધ્યાન જગદીશભાઈ પટેલ
૨ જય ગૌરાંગ શર્મા
૩ કામિનીબેન ડી ચૌધરી

**ધોરણ-૯ સી**

૧ વિવેક રમેશભાઈ દરજી
૨ કિરણ રમેશભાઈ ચૌધરી
૩ દિવ્યરાજસિંહ એન વિહોલ

**ધોરણ-૯ ડી**

૧ પાર્થિવસિંહ દિલીપસિંહ વાઘેલા
૨ જૈમિન પંકજકુમાર આગ્જા
૩ પ્રિન્સ વિજયભાઈ દંતાણી

**ધોરણ-૯ ઈ**

૧ સ્મિત દિલીપકુમાર પ્રજાપતિ
૨ વ્રજ જયેશકુમાર ચૌહાણ
૩ હર્ષદકુમાર જેઠાભાઈ પગી

**ધોરણ-૯ એફ**

૧ તેજસ જિતેન્દ્રભાઈ નિસર્તા
૨ ધૃવ ચેતનકુમાર સુથાર
૩ ધૃવિલ મુકેશકુમાર મોદી

**ધોરણ-૯ જી**

૧ જૈનિલ રાજેન્દ્ર ધોલરિયા
૨ હિતેષકુમાર એન. ચૌધરી
૩ હર્ષ જિતેન્દ્રકુમાર દરજી

# જન્મદિને વધામણી



પ્રહલાદભાઈ પી. પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૮૧૫૯૬



ભરતકુમાર સોમાભાઈ પરમાર
મો. ૯૭૧૪૯ ૫૮૩૫૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનાં પરિણામ જાહેર કરાયાં

ગાંધીનગર, તા. ૩

શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય દ્વારા લેવામાં આવેલી ધોરણ ૯તથા ૧૧ની વાર્ષિક પરીક્ષાનું પરિણામ જાહેર કરવમાં આવ્યું છે.

ધોરણ ૯માં અનુક્રમે (૧) ડાભી અવની વિનોદસિંહ (૨) ચૌધરી જેન્સિ પ્રવીણભાઈ (૩) ચૌધરી મૈત્રી વિષ્ણુભાઈ તથા ધોરણ -૧૧માં અનુક્રમે (૧) ચૌધરી સાક્ષી વજાભાઈ (૨) ચૌહાણ રાજલ પૂરણસિંહ અને (૩) પરમાર દીક્ષા જીવણભાઈ ઉત્તીર્ણ થયાં છે.

શાળાના આચાર્ય રમીલાબેન એસ ચૌધરીએ ઉત્તીર્ણ થનારી સૌ વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# ગાંધીજીનો વિનોદ

॥ સત્તરમો મણકો ॥

**૪૦ - સેવા એ જ મારો ધર્મ**

એક અમેરિકન પાદરીએ ગાંધીજીને પૂછ્યું કે તમારો ધર્મ કયો ? હિંદ ભવિષ્યમાં કયો ધર્મ સ્વીકારશે ?

સ્વતંત્ર હિંદમાં કયા ધર્મને સ્થાન રહેશે તે જાણવાને પાદરી આતુર હતો.

ઓરડીમાં બે માંદા માણસો તરફ આંગળી ચીંધી ગાંધીજીએ કહ્યું, સેવા કરવી એ જ મારો ધર્મ છે અને ભાવિની હું ચિંતા કરતો નથી.

**૪૧ - પિતૃત્વની હરીફાઈ**

ઈસ ૧૯૩૧માં ઈંગ્લેન્ડમાં ગાંધીજી કિંગ્સલી હૉલમાં રહેતા હતા. ત્યાં અનેક ભાઈબહેનો તેમના હસ્તાક્ષર લેવા આવતાં હતાં. એક દિવસ એવા મુલાકાતીઓમાં એક નૌકાદળનો નિવૃત્ત સૈનિક હતો. તે મીરાંબહેનના પિતા એડમિરલ હતા ત્યારેતેના હાથ નીચે કામ કરતો હતો. તે ગાંધીજીનો પ્રશંસક હતો. તે ગાંધીજી પાસે આવી કહેવા લાગ્યો, મને યુદ્ધ ગમતું નથી. મને તમારી લડાઈ ગમે છે. યુદ્ધમાં ભાગ લેવા કરતાં તેનો વિરોધ કરી જેલમાં જવાનું હું પસંદ કરું છું.

ગાંધીજીના હસ્તાક્ષર લઈ તે વિદાય થતો હતો ત્યારે ગાંધીજીએ પૂછ્યું, તમને કેટલાં સંતાન છે ?

સૈનિક : આઠ સાહેબ ! ચાર દીકરા અને ચાર દીકરી.

ગાંધીજી : મારે પણ ચાર દીકરા છે એટલે હું તમારી જોડે અર્ધે રસ્તે દોડી શકું છું.

આ શબ્દો કાને પડતાં જ આખું ઘર અટ્ટહાસ્યથી ગાજી ઉઠ્યું.

**૪૩ - પાપનું પ્રાયશ્ચિત**

આશ્રમમાં ઊછરેલી એક કન્યાની સગાઈનો વિધિ બારડોલી આશ્રમમાં ગોઠવાયો હતો. વરરાજાને ત્યાં બોલાવવામાં આવ્યો હતો. સરદાર, કૅલનબૅક, ગાંધીજી વગેરેની હાજરીમાં બાએ વરરાજાને કુમકુમતિલક કર્યું અને બીજો વિધિ પૂરો થયો એટલે ગાંધીજીના આફ્રિકાના સાથી અને અનુયાયી કૅલનબૅકે વરરાજાને ખૂબ ઉત્સાહથી હસ્તધૂનન કરી અભિનંદન આપ્યા. તે કહેવા લાગ્યા કે વરરાજા સુંદર નવજુવાન છે.

પાસે બેઠેલા સરદારે રમૂજભરી ટકોર કરી : આમાં તમને કુંવારાને શાનો આટલો બધો ઉમંગ આવે છે ?

સરદારની ટકોર સાંભળી ગાંધીજી પણ હસવા લાગ્યા. પણ કૅલનબૅક વિનોદમાં ઊતરે એવા ન હતા. ગાંધીજી તરફ આંગળી ચીંધી તેમણે કહ્યું,

પણ હું એવો રહ્યો તે આ માણસના પાપે.

બધા હસીને ગાંધીજી તરફ જોવા લાગ્યા એટલે ગાંધીજી રંગમાં રમઝટ લાવતાં બોલ્યા, તેથી તો આવા સંબંધો બાંધીને એ પાપનું પ્રાયશ્ચિત કરું છું.

પછી એ કન્યાના લગ્નની તારીખ નક્કી કરી ગાંધીજીએ વરરાજાને સેવાગ્રામથી લખ્યું કે,

આવજો એકલા, અમે મોકલશું બેકલા.

પણ વરરાજાને એકલા જવાનું ગમ્યું નહીંતેથી સાત મિત્રો લઈને સેવાગ્રામમાં પહોંચ્યા. ગાંધીજીને ખબર પડી કે સાત જણ આવ્યા છે તેથી તેમનો સત્કાર કરતાં કહ્યું,

ઓ હો ! આ તો સપ્તર્ષિ આવ્યા !

એ સાતમાં એક ભાઈ પોતાની પત્ની સાથે ગયા હતા. તે બોલી ઊઠ્યા, બાપુ ! ઋષિ એકલા જ નથી, સાથે અરુંધતી પણ છે.

**૪૪ - તીખાશ ચલાવી લો**

એકવાર યંગ ઈન્ડિયાનું તંત્રીપદ કુમારપ્પા સંભાળતા હતા. તેમની શૈલીમાં કંઈક તીખાશ હોવાથી તેમના લેખો બધાને કડક લાગતા. આ વાત ગાંધીજીના ધ્યાન પર લાવવી જોઈએ એમ વિચારી એક સાથીએ ગાંધીજીને કહ્યું, બાપુ ! અહિંસાની દૃષ્ટિએ કુમારપ્પાએ લેખો હળવી રીતે લખવા જોઈએ.

ગાંધીજીએ હાસ્ય સાથે તેમને કહ્યું, ‘કુમારપ્પા મદ્રાસથી આવે છે એટલે તેમના લોહીમાં થોડાં મરચાં હોય તો ચલાવી લેવાં જોઈએ.’

‘ગાંધીજીનો વિનોદ’ પુસ્તકમાંથી સાભાર

# બીકૉમ પછી કારકિર્દી માટે કયા વિકલ્પો હોઈ શકે ?




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. ‘કરિયર કોર્નર’ કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. મે હાલ જ મારૂ એન્જીનિયરીંગ પૂરું કરેલ છે.જી.પી.એસ.સી.-વર્ગ ૧ અને ૨ની પરીક્ષા પાસ કરવા શું કરવું જોઈએ?**

**- કિસ્મત વસાવા, મોડાસા**

સૌપ્રથમ આપને જણાવી દઈએ કે વર્ગ ૧ અને વર્ગ ૨ની પરીક્ષા મુખ્યત્વે ત્રણ તબક્કામાં લેવામાં આવે છે.પ્રથમ તબક્કો – પ્રાથમિક પરીક્ષા એટ્લે કે જેને આપણે પ્રિલિમ્સ પરીક્ષા તરીકે ઓળખીએ છીએ. બીજો તબક્કો – મુખ્ય પરીક્ષા એટ્લે કે મેઈન્સ પરીક્ષા. આ લેખિત પરીક્ષા હોય છે. અને ત્રીજો તબક્કો - ઈન્ટરવ્યુ. આ ત્રણે તબક્કામાં ઉત્તીર્ણ થયા બાદ આપની મેરીટના આધાર પર પસંદગી થતી હોય છે અને આપને જગ્યાની ફાળવણી થતી હોય છે. પ્રથમ તબક્કાની એટ્લે




કે પ્રાથમિક પરીક્ષાની વાત કરીએ તો આ પરીક્ષા માં મુખ્યત્વે સામાન્ય જ્ઞાન , ગણિત , બંધારણ, અર્થશાસ્ત્ર , સાંસ્કુતિક વારસો, વિજ્ઞાન અને ટેકનોલૉજી ,ઈતિહાસ, કરંટ અફેર્સ અને ભૂગોળ જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ આપે મેઈન્સ પરીક્ષા આપવાની હોય છે, જેમાં આપના અભ્યાસક્રમ મૂજબ અલગ-અલગ વિષયોના પેપર લેખિતમાં આપવાના હોય છે. મેઈન્સની પરીક્ષામાં અંગ્રેજી અને સામાન્ય જ્ઞાનના વિષયોનો સમાવેશ પણ થાય છે. મેઈન્સ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ સફળ ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે. તૈયારી વિષે વાત કરીએ તો આપે દરેક વિષયોનું ટાઈમટેબલ બનાવી તે પ્રમાણે નિયમિત વાંચન કરવું જોઈએ. એક મહત્વનો વિષય - કરન્ટ અફેર્સ એટલે કે સામાન્યજ્ઞાન – એ માટે આપ નિયમિત ન્યૂઝપેપરનું વાંચન કરી શકો છો. આપ હાલ બી.કોમ.માં અભ્યાસ કરો છો તો એક મહત્વની વાત જણાવવા માંગીએ છીએ કે આપ કોલેજના છેલ્લા વર્ષમાં અથવા સેમિસ્ટરમાં હોવ તો આપ જી.પી.એસ.સી. વર્ગ ૧ અને ૨ની પ્રાથમિક પરીક્ષા આપવા માટે લાયક ગણાઓ છો. મેઈન્સ પરીક્ષા માટે આપે ગ્રેજ્યુએશન પૂરું કરવું જરૂરી છે. વર્ગ ૧ અને ૨ ની પરીક્ષા માટેની તૈયારી આપ અત્યારથીજ શરૂ કરી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. મે હમણાં જ બી.કોમ પૂરું કરેલ છે.બી.કોમ પછી કારદીર્દી માટે કયા વિકલ્પો હોઇ શકે.માર્ગદર્શન આપશો.**

**- કેશવ ભટ્ટ, ગાંધીનગર**

કેશવ, આપને જણાવવા માંગીશું કે આપના સવાલનો સ્કોપ ખૂબ બહોળો છે. બી.કોમ પછી આપની પાસે ઘણા વિકલ્પ ઉપલબ્ધ છે. અહી આપણે મુખ્ય વિકલ્પોની વાત કરીશું. બી.કોમ પછી આપની પાસે મુખ્ય ત્રણ વિકલ્પ છે. આપ બી.કોમ પછી આગળ અભ્યાસ કરી શકો છો, જોબ કરી શકો છો અથવા પોતાનો વ્યવસાય સ્થાપી શકો છો. જો આપ આગળ જોબ કરવાનું વિચારતા હોય તો આપની પાસે એમાં પણ મુખ્ય બે વિકલ્પ રહેલા છે, એ છે પ્રાઈવેટ અથવા ગવર્મેન્ટ ક્ષેત્ર માં જોબ. પ્રાઈવેટ ક્ષેત્રની વાત કરીએ તો આ ક્ષેત્રમાં આપનો ગ્રોથ સારો થઈ શકે છે જો આપ પોતાનું કામ સારી રીતે કરી શકો. જ્યારે ગવર્મેન્ટ જોબની વાત કરીએ તો આ ક્ષેત્રનો સૌથી મોટો ફાયદો છે કે આ એક ‘સિક્યોર’ એટ્લે કે સુરક્ષિત ક્ષેત્ર છે એટ્લે કે આ ક્ષેત્રમાં જો આપ આપનું કામ પ્રામાણિક્તાથી કરો છો તો આપને આપની જોબ પરથી કોઈ બરખાસ્ત કરી શકતું નથી. આ કારણે મોટાભાગના વિદ્યાર્થીઓ આ ક્ષેત્ર પસંદ કરતાં હોય છે. આપ બી.કોમ પછી આગળ અભ્યાસ પણ કરી શકો છો. જેમાં આપ એમ.બી.એ, સી.એ અથવા



સી.એસ અને એવા અનેક ઉપલબ્ધ કોર્સેસમાંથી કોઈ સારો કોર્ષ એક સારી કોલેજમાંથી કરી શકો છો. ત્રીજા વિકલ્પની વાત કરીએ તો એ છે ઍંટર્પ્રિન્યરશિપ એટ્લે કે પોતાનો બિઝનેસ ચાલુ કરવો જેમાં આપ ભારત સરકારની સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને સ્ટેન્ડ ઉપ ઈન્ડિયા જેવી સ્કીમનો પણ લાભ લઈ શકો છો. પણ આ ક્ષેત્રમાં જવું તો જ હિતાવહ છે જો આપને ખરેખર તેમાં રુચિ હોય. એન્ત્રેપ્રેનેઉર (પોતાનો વ્યવસાય) ચાલો કરવો અને તેનો સંભાળવો એ લાગે તેટલું સહેલું નથી હોતું. આમ આપ ઉપરોક્ત વિકલ્પોમાંથી કોઈ એક આપની પસંદગી અને રુચિનો વિકલ્પ પસંદ કરી આપની કારદિર્દી ઉજ્વળ બનાવી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું અત્યાર ધોરણ ૧૨ કોમર્સ માં અભ્યાસ કરું છું. બી.બી.એ. માટે શ્રેષ્ઠ કઈ કોલેજ છે?**

**- દિવ્યેશ પટેલ, ગાંધીનગર**

આપનો લક્ષ્ય ખૂબ સરસ છે. બી.બી.એ. કર્યા પછી આપ મેનેજમેંટના ક્ષેત્રે આગળ વધી શકો છો. તમને જણાવવા માંગીશું કે બી.બી.એ. માટે ઘણી બધી કોલેજ છે જેના પર તમે પસંદગી ઉતારી શકો છો. પણ જો આપે કોઈ સારી અને પ્રતિષ્ઠિત કોલેજમાં એડ્મીશન લેવુ હોય તો આપે એના માટે મોટા ભાગે પ્રવેશ પરીક્ષા આપવાની હૉય છે.આપને જણાવી દઈએ કે બી.બી.એ / એમ.બી.એ. માટે આઈ.આઈ.એમ. - આઈ.પી.એમ એટ્લે કે ઈંડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેંટ - ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ નામની પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ, આપ ભારતની પ્રતિષ્ઠિત એવી આઈ.આઈ.એમ (ઈન્ડિયન ઇંસ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ), ઈંદૌરમાં પ્રવેશ મેળવી શકો છો. આપને જણાવી દઈએ કે ભારતમાં શ્રેષ્ઠ ગણાતી એવી ૨૦ આઈ.આઈ.એમ.માંથી એકમાત્ર આઈ.આઈ.એમ ઈંદોર જ છે જે આપને ધોરણ ૧૨ પછી ડાયરેક્ટ એમ.બી.એ. માટેનો વિકલ્પ ઉપ્લબ્ધ કરાવે છે. અન્ય ઘણી કોલેજ છે જે આપને આઈ.એમ.બી.એ. એટ્લે કે ઈન્ટિગ્રેટેડ માસ્ટર ઈન બિઝ્નેસ એડ્મિનિસ્ટ્રેશનનો કોર્સ કરાવે છે. સામાન્ય રીતે આ કોર્સમાં બી.બી.એ અને એમ.બી.એ કરવા માટેનો પાંચ વર્ષ નો મેનેજમેન્ટ પ્રોગ્રામ છે જેમાં ૩ વર્ષ બી.બી.એ અને બાકીના ૨ વર્ષ એમ.બી.એ નો સમાવેશ થાય છે. આઈ.એમ.બી.એ. માટે આપ પ્રતિષ્ઠિત કોલેજ જેમ કે સિમ્બાયોસિસ, નર્સી મોનજી, સેંટ જહેવીઅર્સ, અને એવી અન્ય પ્રતિષ્ઠિત સંસ્થામાં પ્રવેશ મેળવી શકો છો. ઉપર જણાવ્યા મુજબ મોટા ભાગ ની કોલેજ માટે પ્રવેશ પરીક્ષા આપવાની રહે છે. અમુક પ્રવેશ પરીક્ષા આપણે જણાવીશું



જેમ કે યૂ.જી.એ.ટી., એસ.ઈ.ટી.-યૂ.જી., એન.પી.એ.ટી., વિગેરે. પ્રવેશ પ્રક્રિયામાં લગભગ લેખિત/ ઓનલાઈન પરીક્ષા આપ્યા બાદ આપે જી.ડી એટ્લે કે ગ્રુપ ડિસ્કસન અને ઈન્ટરવ્યુ પાસ કરવાના હોય છે. આ પ્રવેશ પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , તાર્કિક, અંગ્રેજી તથા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછાતા હોય છે, જે માટે ની તૈયારી આપ અત્યારથી જ કરી શકો છો. શિષ્ટબદ્ધ તૈયારી કરશો તો સફળતા જરૂર મળશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુક: www.facebook.com/questions.careercorner